# વિજયભાઈ રૂપાણીએ આદ્યશકિત અંબાજી મંદિરમાં માતાજીના ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા

## જગતજનની અંબાજીની કૃપાથી કોરોનાની ત્રીજી લહેર આવે જ નહિ તેવી માં ચરણોમાં પ્રાર્થના કરતા મુખ્યમંત્રી

મા અંબાના આશીર્વાદથી ગુજરાતમાં કોરોનાની ત્રીજી લહેર આવે જ નહીં તેવી મનસાથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ શનિવારની વહેલી સવારે આદ્યશકિત ધામ અંબાજી મંદિરમાં માતાજીની આરતી કરી સાડા છ કરોડ ગુજરાતીઓની સુખ, સમૃધ્ધિ અને સલામતિ માટે પ્રાર્થના કરી હતી.



મુખ્યમંત્રીશ્રીવિજયભાઈ રૂપાણીએ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે શ્રીમતી અંજલિબહેન રૂપાણી સાથે આદ્યશકિત મા અંબેના દર્શન અને ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી.



કોરોનાની બીજી લહેર પર સફળતા મેળવ્યા બાદ વધુ જનહિતના કામો કરવાની માતાજી શકિત આપે તેમજ ગુજરાત સતત વિકાસના રાહે આગળ વધતું રહે અને ઉત્તમથી સર્વોત્તમ બને તે માટે માતાજીના કૃપા આશિષ વરસતા રહે તેવી તેમણે પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએજણાવ્યું કે માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ, મહત્તમ વેક્સિનેશનથી કોરોનાની ત્રીજી લહેરને અટકાવી શકાશે અને હારશે કોરોના, જીતશે ગુજરાતના મંત્રને આપણે સૌ સાથે મળીને ચરિતાર્થ કરી શકીશું.

ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડ્યા, બનાસકાંઠા જિલ્લા કલેકટર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયા, આસી.કલેક્ટરશ્રી પ્રશાંત જીલોવા, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ. જે. ચાવડા, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી ગુમાનસિંહ ચૌહાણ સહિત અગ્રણીઓ, અધિકારીઓ અને માઈભક્તો આ દર્શન પૂજન માં મુખ્યમંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહ્યા હતાં.

# ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨૨૮ નવા કેસ

**રાજ્યમાં ૨૪ કલાકમાં ૫ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૮,૦૫,૫૪૨ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે : રાજ્યનો રિકવરી રેટ ૯૭.૯૮ ટકા**

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ હવે લગભગ નહીવત્ત જેવું થઈ ચુક્યું છે. કોરોનાથી સાજા થઈ રહેલા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાનાં નવા ૨૨૮ કેસ નોંધાયા હતા. ૮૭૪ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. આ સાથે રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૯૮ ટકાએ પહોંચ્યો છે અને રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮,૦૫,૫૪૨ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ રસીકરણ પણ જોરશોરથી ચાલી રહ્યું છે. રાજ્યમાં ૩,૨૪,૬૧૫ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૬૫૭૯ કેસ એક્ટિવ છે. જે પૈકી ૧૭૩ લોકો વેન્ટિલેટર પર છે. ૬૪૦૬ દર્દી સ્ટેબલ છે. ૮૦૫૫૪૨ લોકો સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. ૧૦૦૨૮ લોકોનાં અત્યાર સુધીમાં કુલ મોત નિપજ્યાં છે. આજે કોરોનાને કારણે ૫ લોકોનાં મોત નિપજ્યાં છે. રસીકરણની વાત કરીએ તો ૩૧૯૨ હેલ્થ વર્કર્સને પ્રથમ ડોઝ અને ૪૬૭૦ વર્કર્સને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારે ઉમરના ૫૮૩૦૬ લોકોને પ્રથમ ડોઝ અને ૩૮૭૩૦ લોકોને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના ૨,૧૮,૨૦૭ લોકોને પ્રથમ અને ૧૫૧૦ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.



વડગામ તાલુકાના મેમદપુર ગામના શહીદ આર્મિ જવાન જસવંતસિંહ રાઠોડને શ્રધ્ધાંજલી તથા તેમના પરીવારજનોને સાંત્વન આપવા પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા (બાપુ) તેમજ રાજપૂત સમાજના આગેવાન અને સાહિત્યકાર કીશોરસિહ સોલંકી સાથે વડગામના પુર્વ ધારાસભ્ય મણીલાલ વાઘેલા મેમદપુર ખાતે આવી પહોંચ્યા હતા. શંકરસિંહ બાપુની સાથે શહીદ જવાનને શ્રધ્ધાંજલિ આપી તેમના પરીવારજનોને સાત્વના આપી હતી.

# રાજ્યમાં ૭૭ આઈએએસની સામૂહિક બદલી કરાઇ

## રાજ્યમાં લાંબા સમયે વહિવટી તંત્રમાં મોટાપાયે ફેરફાર

| ક્રમ | અધિકારીનું નામ | હાલની જગ્યા | બદલી કરેલી જગ્યા |
|---|---|---|---|
| 1 | અંજુ શર્મા | અગ્ર સચિવ-શિક્ષણ | અગ્ર સચિવ-શ્રમ, રોજગાર |
| 2 | એસ.જે હૈદર | એમ.ડી-ટ્રાન્સપોર્ટ | અગ્ર સચિવ-શિક્ષણ |
| 3 | એચ.આર પટેલ | સચિવ-શ્રમ, રોજગાર | એમ.ડી-ટ્રાન્સપોર્ટ |
| 4 | પી. ભારતી | ડાયરેક્ટર-સર્વ શિક્ષા | કમિશનર-લેબર |
| 5 | આર.બી બારડ | કલેક્ટર-મહિસાગર | કલેક્ટર-વડોદરા |
| 6 | આદ્રા અગ્રવાલ | કલેક્ટર-નવસારી | અધિક સચિવ-મહેસૂલ |
| 7 | રવિ શંકર | કલેક્ટર-જામનગર | ચીફ એડમિનિસ્ટ્રેટર-સ્ટેચ્યુ ઓફ યુનિટી |
| 8 | રેમ્યા મોહન | કલેક્ટર-રાજકોટ | મિશન ડાયરેક્ટર-નેશનલ હેલ્થ |
| 9 | દિલીપ રાણા | DYMC-અમદાવાદ | કમિશનર-આદિજાતિ વિકાસ |
| 10 | એમ.એ પંડ્યા | મિશન ડાયરેક્ટર-નેશનલ હેલ્થ | કલેક્ટર-દેવભૂમિ દ્વારકા |
| 11 | આર.જે ગોહિલ | કલેક્ટર-આણંદ | કલેક્ટર-ગીર સોમનાથ |
| 12 | ડો. ધવલ પટેલ | કલેક્ટર-સુરત | મ્યુનિ. કમિશનર-ગાંધીનગર |
| 13 | ઉદિત અગ્રવાલ | મ્યુનિ. કમિશનર-રાજકોટ | કલેક્ટર-મહેસાણા |
| 14 | એમ.વાય દક્ષિણી | DDO-મહેસાણા | કલેક્ટર-આણંદ |
| 15 | આર.એચ ગઢવીચારણ | મ્યુનિ. કમિશનર-ગાંધીનગર | ડાયરેક્ટર-સર્વ શિક્ષા અભિયાન |
| 16 | પ્રવિણા ડી.કે | કલેક્ટર-કચ્છ | કલેક્ટર-પંચમહાલ |
| 17 | વિજય ખરાડી | કલેક્ટર-દાહોદ | મ્યુનિ. કમિશનર-જામનગર |
| 18 | ડી.કે પારેખ | DDO-પાટણ | રીઝનલ કમિશનર-વડોદરા |
| 19 | ડો. એન.કે મીણા | કલેક્ટર-દેવભૂમિ દ્વારકા | કલેક્ટર-અરવલ્લી |
| 20 | બી.જી પ્રજાપતિ | DYMC-રાજકોટ | DDO-આણંદ |
| 21 | કે.એલ બચાણી | DDO-ખેડા | કલેક્ટર-ખેડા |
| 22 | અજય પ્રકાશ | કલેક્ટર-ગીર સોમનાથ | CPO- હેલ્થ, સચિવાલય |
| 23 | ડો. સૌરભ પારધી | કલેક્ટર-જૂનાગઢ | કલેક્ટર-જામનગર |
| 24 | આયુષ પોક | કલેક્ટર- અમરેલી | કલેક્ટર-સુરત |
| 25 | કે. રાજેશ | કલેક્ટર-સુરેન્દ્રનગર | જો. સેક્રેટરી-હોમ |
| 26 | સુજલ મયાત્રા | કલેક્ટર-છોટા ઉદેપુર | કલેક્ટર-ભુજ |
| 27 | શ્વેતા તેવટીયા | એમ.ડી-PGVCL | DDO-અરવલ્લી |
| 28 | એચ.કે વઢવાણીયા | DDO-ડાંગ | કલેક્ટર-તાપી |
| 29 | એ.કે ઔરંગાબાદકર | કલેક્ટર-અરવલ્લી | કલેક્ટર-સુરેન્દ્રનગર |
| 30 | અમિત અરોરા | કલેક્ટર-પંચમહાલ | મ્યુનિ. કમિશનર-રાજકોટ |
| 31 | વિશાલ ગુપ્તા | કલેક્ટર-બોટાદ | ADC-ગાંધીનગર |
| 32 | ગૌરાંગ મકવાણા | કલેક્ટર- ભાવનગર | કલેક્ટર- અમરેલી |
| 33 | તુષાર સુમેરા | મ્યુનિ. કમિશનર-જુનાગઢ | કલેક્ટર-બોટાદ |
| 34 | ડી.ડી. જાડેજા | DRDA-મોરબી | ADC-ગાંધીનગર |
| 35 | આર.એમ તન્ના | એડિ. કલેક્ટર-પોરબંદર | મ્યુનિ. કમિશનર-જુનાગઢ |
| 36 | પી.આર જોશી | જો. સેક્રેટરી-GPSC | કમિશનર-.યુથ એન્ડ કલ્ચર |
| 37 | આર.એ મેરજા | એડિ. કલેક્ટર-ખેડા | DDO-પાટણ |
| 38 | એમ.કે દવે | DRDA-મહેસાણા | DDO-ખેડા |
| 39 | એન.એન દવે | PS-સ્પીકર | DYMC-અમદાવાદ |
| 40 | વી.એન શાહ | એડિ. કલેક્ટર-વડોદરા | CEO-SUDA |
| 41 | કિરણ ઝવેરી | DDO-વડોદરા | એડિ. કમિ.-સેલ્સ ટેક્સ અમદાવાદ |
| 42 | સ્તુતિ ચરણ | RCM-રાજકોટ | કલેક્ટર-છોટા ઉદેપુર |
| 43 | મનિષ કુમાર | RCM-અમદાવાદ | કલેક્ટર-મહેસિાગર |
| 44 | ક્ષિપ્રા અગ્રે | RCM-સુરત | કલેક્ટર-વલસાડ |
| 45 | અરુણ બાબુ | DDO-અમદાવાદ | કલેક્ટર-રાજકોટ |
| 46 | ડો. હર્ષિત ગોસાવી | RCM-વડોદરા | કલેક્ટર-દાહોદ |
| 47 | યોગેશ નિર્ગુડે | RCM-ભાવનગર | કલેક્ટર-ભાવનગર |
| 48 | અમિત યાદવ | RCM-ગાંધીનગર | કલેક્ટર-નવસારી |
| 49 | વરુણ બરાનવલ | DDO-ભાવનગર | RCM-રાજકોટ |
| 50 | પ્રશસ્તિ પારીક | DDO-નવસારી | RCM-ગાંધીનગર |
| 51 | રચિત રાજ | DDO-દાહોદ | કલેક્ટર-જુનાગઢ |
| 52 | આશિષ કુમાર | DDO-આણંદ | DYMC-રાજકોટ |
| 53 | પ્રવિણ ચૌધરી | DDO-જુનાગઢ | DYMC-અમદાવાદ |
| 54 | અરવિંદ વી. | DDO-ભરુચ | RCM-સુરત |
| 55 | અનિલ રાણાવસીયા | DDO-રાજકોટ | RCM-અમદાવાદ |
| 56 | અજય દહિયા | DDO-બનાસકાંઠા | RCM-ભાવનગર |
| 57 | શરીફ હુડ્ડા | DDO-સુરેન્દ્રનગર | ડે. સેક્રેટરી-સ્પોર્ટ્સ |
| 58 | ધીમંતકુમાર વ્યાસ | એડિ. કલેક્ટર-ગાંધીનગર | એમ.ડી-PGVCL |
| 59 | અનિલ ધામેલિયા | DDO-અરવલ્લી | DDO-અમદાવાદ |
| 60 | ડો. રાજેન્દ્ર પટેલ | DDO-સાબરકાંઠા | DDO-વડોદરા |
| 61 | મિહીર પટેલ | DDO-છોટા ઉદેપુર | DDO-જામનગર |
| 62 | અર્પિત સાગર | DDO-વલસાડ | DDO-નવસારી |
| 63 | ડો. વિપીન ગર્ગ | DDO-જામનગર | DDO-ડાંગ |
| 64 | શાલિની દુહાન | DDO-ગાંધીનગર | કમિશનર-સ્કૂલ્સ |
| 65 | નીતિન સાંગવાન | DYMC-અમદાવાદ | DDO-સાબરકાંઠા |
| 66 | ડો. નવનાથ ગવ્હાણે | CPO-હેલ્થ | DDO-સુરેન્દ્રનગર |
| 67 | દેવ ચૌધરી | સ્પે. કમિશનર-સ્વચ્છ ભારત મિશન | કમિશનર-ગ્રામિણ વિકાસ |
| 68 | યોગેશ ચૌધરી | એમ.ડી-DGVCL | DDO-ભરુચ |
| 69 | તેજસ પરમાર | DDO-અમરેલી | DDO-દાહોદ |
| 70 | ડો. ઓમ પ્રકાશ | DYMC-અમદાવાદ | DDO-મહેસાણા |
| 71 | મનિષ ગુરવાણી | આસિ. કલેક્ટર-કચ્છ | DDO-વલસાડ |
| 72 | ગંગા સિંઘ | આસિ. કલેક્ટર-મોરબી | DDO-છોટા ઉદેપુર |
| 73 | સ્વપ્નિલ ખરે | આસિ. કલેક્ટર-પાટણ | DDO-બનાસકાંઠા |
| 74 | સુરભી ગૌતમ | આસિ. કલેક્ટર-વિરમગામ | DDO-ગાંધીનગર |
| 75 | એમ.જે પરીખ | આસિ. કલેક્ટર-ખેડા | DDO-જૂનાગઢ |
| 76 | ડો. પ્રશાંત જીલોવા | આસિ. કલેક્ટર-બનાસકાંઠા | DDO-ભાવનગર |
| 77 | દિનેશ ગુરવ | આસિ. કલેક્ટર-દેવભૂમિ દ્વારકા | DDO-અમરેલી |

## પરીક્ષા યોજાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનુ આયોજન કર્યુ છે. કોરોનાનુ સંક્રમણ ઘટતા હવે બોર્ડ દ્વારા આ રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનુ આયોજન કરાયુ છે. જેના અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ના રીપીટર , ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના તેમજ સામાન્ય પ્રવાહના રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી તા ૧૫ જુલાઈના રોજથી શરૂ કરાશે. જયારે પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ પણ હવે જાહેર કરાશે. કોરોનાની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી જરૂરી સાવચેતી સાથે પરીક્ષાનુ આયોજન કરાશે.

## આંદોલન ચલાવે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ ઉપરાંત ભીનો કચરો અને સુકો કચરો એ માટે લોકોમાં જાગૃતિ આવે તેને લઈ તંત્રએ જન જાગૃતિ અભિયાન છેડવુ જોઈએ તેમ કહ્યુ હતુ.

લેન્ડ ફિલ્ડની સાઈટનો મુદો જે ઘણા સમયથી વણ ઉકલ્યો રહ્યો છે તે અંગે તાત્કાલિક કાર્યવાહી કરી અને દરખાસ્ત મુકવા માટે પણ જણાવ્યુ હતુ.

ઘનકચરાના નિકાલની સાથે સાથે પ્લાસ્ટીકના કચરાના નિકાલ માટે પણ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલની ગાઈડલાઈનનું પીલન થાય તે જોવા તેમણે અધિકારીઓને જણાવ્યુ હતુ.

આજની આ બેઠકમાં મનપા ઉપરાંત ત્રણ નગરપાલિકાના ચીફ ઓફિસરો, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રાવણિયો વરસાદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પ્રવર્તી છે. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે આજે ગરમીનો પારો પણ ૧.૨ ડીગ્રી ગગડયો હતો. મહત્તમ તાપમાન ૩૨.૮ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડીગ્રી નોંધાયુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ માત્ર ૮ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૯૫ થી ૮૯ ટકા રહેતા શહેરીજનો વરસાદની ગેરહાજરી દરમિયાન ઉકળાટ અનુભવી રહ્યા છે. આજે દિવસ દરમિયાન ૮.૫ મી મી વરસાદ વરસ્યો હતો. રાત્રિના સમયે પણ ઝરમરિયો વરસાદ વરસતા સેકટરોમાં કાદવ કીચ્ચડ વચ્ચે પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડે છે.

## મિલ્ખાસિંઘ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જનરલ આઈસીયુમાં ખસેડાયા હતા. ગુરુવારે સાંજ પહેલા તેની હાલત સ્થિર થઈ ગઈ હતી. પદ્મશ્રી મિલ્ખા સિંહના નિધન પર શોક વ્યક્ત કરતા પીએમ મોદીએ લખ્યું કે, મિલ્ખા સિંહ જીના અવસાન સાથે આપણે એક મહાન ખેલાડી ગુમાવ્યો છે. જેમણે દેશની કલ્પના કેપ્ચર કરી લીધી હતી અને અસંખ્ય ભારતીયોના હૃદયમાં વિશેષ સ્થાન મેળવ્યું હતું. તેમણે પોતોના પ્રેરણાદાયક વ્યક્તિત્વ સાથે લાખો લોકોના પ્રિય બની ગયા હતા. તેમના નિધનથી દુખી છું. થોડા દિવસ પહેલા જ મેં મિલ્ખાસિંહજી સાથે વાત કરી હતી. મને ખબર નહોતી કે, તે અમારી છેલ્લી વાતચીત હશે. ઘણાં ઉભરતા રમતવીરો તેમની જીવનયાત્રાથી તાકાત મેળવશે. તેમના પરિવાર અને વિશ્વભરના ઘણા ચાહકો પ્રત્યે મારી સંવેદના. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે પણ શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું કે, સુપ્રસિદ્ધ દોડવીર શ્રી મિલ્ખા સિંહજી, ધ ફ્લાઈંગ શીખના નિધન પર ભારત શોક વ્યક્ત કરે છે. તેમણે વિશ્વ એથ્લેટિક્સ પર એક અદમ્ય છાપ છોડી છે. રાષ્ટ્ર તેમને હંમેશા રમતગમતના તેજસ્વી તારલાઓમાંના એક તરીકે યાદ કરશે. તેમના પરિવાર અને અસંખ્ય સમર્થકો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. મિલ્ખા સિંઘના જીવન પર ફિલ્મ 'ભાગ મિલખા ભાગ' પણ બનાવવામાં આવી છે, જેમાં ફરહાન અખ્તરે તેમનું પાત્ર ભજવ્યું હતું. મિલ્ખા સિંહના પરિવારમાં તેમનો પુત્ર ગોલ્ફર જીવ મિલ્ખા સિંહ અને ત્રણ પુત્રીઓ છે.

## નેતાઓ સાથે બેઠક

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બોલાવવામાં આવે તેવી શક્યતા છે. જોકે હજુ સુધી ઔપચારિક આમંત્રણ નથી આપવામાં આવ્યું. આ મીટિંગમાં જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા અંગે અને વિધાનસભા ચૂંટણી અંગે ચર્ચા થાય તેવી શક્યતા છે. એક અહેવાલ પ્રમાણે કેન્દ્રએ નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લા, પીડીપી અધ્યક્ષ મહબૂબા મુફ્તી, જમ્મુ કાશ્મીર અપની પાર્ટીના અલ્તાફ બુખારી અને પીપલ્સ કોન્ફરન્સના પ્રમુખ સજ્જાદ લોનને મીટિંગમાં આમંત્રણ આપ્યું છે. ઓલ પાર્ટી મીટિંગમાં જમ્મુ કાશ્મીરના ભાજપા અને કોંગ્રેસના નેતાઓ સામેલ થાય તેવી પણ શક્યતા છે.

# રાજ્યના ૧૭૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ ૯૬ તાલુકાઓમાં અડધા ઈંચથી વધુ વરસાદ

ગાંધીનગર, તા. ૧૯

રાજયમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થયો છે. છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યના ૧૭૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. રાજ્યના ૯૬ તાલુકાઓમાં અડધા ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં આણંદ જિલ્લાના આણંદ તાલુકામાં ૧૮૩ મી.મી. એટલે કે ૭ ઈંચથી વધુ વરસાદ તથા સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં ૧૫૦ મી.મી. એટલે કે ૬ ઈંચ વરસાદ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં ૧૨૮ મી.મી. અને સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકામાં ૧૨૪ મી.મી. એટલે કે પાંચ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૧૯-૬-૨૦૨૧ને સવારે ૭ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન મી.મી., કરજણ તાલુકામાં ૬૨ મી.મી., પાટણ તાલુકામાં ૬૧ મી.મી., ચુડા અને વાપી તાલુકામાં ૫૯ મી.મી., બેચરાજી અને

**આણંદમાં રાજ્યનો સૌથી વધુ ૭ ઈંચ વરસાદ : વડાલીમાં ૬ ઈંચ, ખંભાળિયા અને ચોર્યાસી તાલુકામાં ૫ ઈંચ**

મહેસાણા તાલુકામાં ૯૬ મી.મી., ઓલપાડમાં ૯૫ મી.મી., સુરત શહેરમાં ૯૩ મી.મી., સરસ્વતી તાલુકામાં ૯૨ મી.મી., બરવાળા તાલુકામાં ૯૧ મી.મી., જલાલપોર અને નવસારી તાલુકામાં ૮૮ મી.મી., પેટલાદ તાલુકામાં ૮૪ મી.મી., દાંતા તાલુકામાં ૮૧ મી.મી., રાધનપુર તાલુકામાં ૭૯ મી.મી., નેત્રંગ તાલુકામાં ૭૬ મી.મી. મળી કુલ ૧૧ તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જયારે ધંધુકા તાલુકામાં ૬૪ ઉમરગામ તાલુકામાં ૫૮ મી.મી., જોટાણા તાલુકામાં ૫૭ મી.મી., ભુજ તાલુકામાં ૫૬ મી.મી., બોરસદ તાલુકામાં ૫૩ મી.મી., જૂનાગઢ તાલુકો અને જૂનાગઢ શહેરમાં ૫૧ મી.મી. મળી કુલ ૧૨ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત રાજ્યના ૨૮ તાલુકાઓમાં એક થી બે ઈંચ જેટલો જયારે અન્ય ૪૭ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

# આજથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન મુલાકાતીઓ માટે ખુલ્લો મુકાશે

ગાંધીનગર તા ૧૯

કોરોનાનુ સંક્રમણ ઘટતા સરકારે બાગ બગીચાઓ ખુલ્લા મુકવા માટે પણ મંજુરી આપી છે. જયારે ગાંધીનગરમાં પ્રકૃતિ પ્રેમીઓમાં અદમ્ય આકર્ષણ ધરાવતા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનને પણ સવારે ૯ થી બપોરે ૧ કલાક દરમિયાન મુલાકાતીઓ માટે ખુલ્લો મુકાયો છે. આગામી દિવસોમાં ઉદ્યાનમાં પ્રકૃતિ પ્રેમીઓને સફેદ વાઘ પણ જોવા મળશે

કોરોનાની બીજી લહેર દરમિયાન સરકારે વેપાર ધંધા સહીત તમામ બાબતો પર નિયંત્રણો મુક્યા હતા. બીજી લહેર ઘાતક પુરવાર થતા હાલની સ્થિતિએ પણ સંક્રમણ કાબુમાં આવવા છતા વધુ છુટછાટ આપવા માટે કોઈ વિચારણા કરાઈ નથી. હાલ પણ રાત્રિ કરફયુ યથાવત છે. જયારે બીજી લહેરનુ સંક્રમણ હવે કાબુમાં આવતા સરકાર દ્વારા તબક્કાવાર છુટછાટ આપવામાં આવી રહી છે. શહેરના બાગ બગીચાઓ પણ ખુલ્લા મુકી દેવાયા છે. જો કે વરસાદી મોસમ શરૂ થઈ ગઈ હોવાથી બગીચાઓમાં સહેલાણીઓની ભીડ જોવા મળતી નથી જયારે શહેરમાં સ્થિત ઈન્દ્રોડા પાર્ક પણ આજથી ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે આડા દિવસે શહેર તેમજ અમદાવાદ સહીતના વિસ્તારમાંથી બહારગામથી પણ મુલાકાતીઓ આવતા હોય છે. છેલ્લા બે મહીનાથી વધુ સમયથી આ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન બંધ રાખવામાં આવ્યો હતો. જયારે હવે કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવતા પાર્ક શરૂ કરી દેવાયો છે. હાલ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન મુલાકાતીઓને પાર્કમાં એન્ટ્રી આપવામાં આવે છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સફેદ વાઘને પણ થોડા સમય અગાઉ જ લાવવમાં આવ્યો છે. રાજકોટ ઝુ માંથી આ વાઘને ગાંધીનગર પાર્કમાં લવાયા બાદ પાર્ક પ્રત્યે મુલાકાતીઓનુ આકર્ષણ વધ્યુ છે. ત્યારે આગામી દિવસોમાં સફેદ વાઘને અનુલક્ષીને મુલાકાતીઓની સંખ્યા વધશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

# બનાસકાંઠામાં કોરોના અંત ભણી : ૭ કેસ નોંધાયા

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે સાઈઠમાં દિવસે કોરોના તેના અંત ભણી આગળ વધતા માત્ર ૦૭ કેસ નોંધાયા હોવાની સાથે ૦૦ નું મોત અને ૧૦ લોકો સાજા થયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બેકાબૂ બનેલો કોરોના આજે સાઈઠમાં દિવસે તેના અંત ભણી આગળ વધતા સિંગલ ફિગરમાં આવી જતા માત્ર ૦૭ કેસ નોંધાયા હતા. જેમાં જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ૦૪, દાંતા ૦૧ અને ધાનેરામાં ૦૨ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લામાં આજે ૦૦ નું મોત અને ૧૦ લોકો સ્વસ્થ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વિસ્ફોટક બેટિંગ કરતા કોરોનાની રફતાર આજે સાઈઠમાં દિવસે એકદમ ધીમી રહી હતી. આમ, સરકારી નિયંત્રણો વચ્ચે છેલ્લા ૩૪ દિવસથી ધીમે ધીમે કોરોના સંક્રમણ તેના અંત ભણી આગળ વધી રહ્યું છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**નિવિદા નંબર : ૦૫, સને ૨૦૨૧-૨૨,**
**ટેન્ડર આઈડી નં. ૪૬૭૬૫૧**

**ગ્રામ્ય વિસ્તારનાં પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી 'Providing, Supplying and Installation of Laboratory Instrument / Equipments for NABL Recognition for Taluka Laboratories' અંદાજિત કિંમત રૂ. ૪૮.૨૮ લાખ, માટે ઓન લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તીર્ણ થવાનું રહેશે. ટેન્ડર ઓન લાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૦૩/૦૭/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ્.હ્ૅષ્ઠિી.ર્ૈદ્બ પર ઉપલબ્ધ છે.

બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૪૫૩/૨૧-૨૨



**ટચુકડી**
**જાહેર ખબર**
**દર ગુરુવારે-રવિવારે**
**ગાંધીનગર સમાચાર**
**ફોન : ૨૩૨૨૨૫૭૧**